## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન... તમારો ફોટો સારો જ આવશે... તમારો ફોટોગ્રાફર ન ચાલે...!!

# પેથાપુરના રીક્ષા ડ્રાઈવરની હત્યા કે આત્મહત્યા...?

## અઠવાડિયા પહેલા શંકાસ્પદ હાલતમાં ફતેપુરા-પેથાપુર નાકા પરથી મૃતદેહ મળ્યો હતો : ગ્રામજનોમાં ગામના યુવાનના મૃત્યુ અંગેની અનેક ચર્ચા : પોલીસ તપાસ જારી

ગાંધીનગર, તા. ૨૭

પેથાપુર-ફતેપુરા માર્ગ પરથી એક અઠવાડિયા પહેલા ગામના જ એક રીક્ષા ડ્રાઈવરનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. શરીર પર ઈજાના નિશાન અને કાન પાછળથી નીકળતુ લોહી યુવાનની હત્યાના સંકેતો આપતુ હતુ તો બીજી તરફ ઈજાના નિશાનના ઘા અત્યંત સામાન્ય દેખાતા આત્મહત્યાની પણ શંકા ઉપજાવતુ હતુ. હત્યા અને આત્મહત્યાની તપાસ પેથાપુર પોલીસ કરી રહી છે. જો કે પોસ્ટમોર્ટમ રીપોર્ટ અને એફએસએલના રીપોર્ટ પર ઉપરાંત યુવાનની કોલ ડીટેઈલ પર તપાસની દિશા નક્કી થાય તેવી શક્યતા છે.

પેથાપુર ગામમાં છેલ્લા એક અઠવાડિયાથી ગામના રીક્ષા ડ્રાઈવર યુવાન કરણજી તખાજી ઠાકોરના મૃત્યુ અંગેની જ ચર્ચા ચાલી રહી છે. ગ્રામજનો આ ઘટનાને હત્યા જ માની રહી છે. જો કે તેના કોઈ સચોટ પુરાવા હજુ સુધી મળ્યા નથી. મૃતક યુવાનના હાથે અને કાનના પાછળના ભાગે ડીસમીસના ઘા વાગેલા હતા પરંતુ ઘા ઊંડા ન હતા. તે જ ડીસમીસ રિક્ષાની સીટમાંથી જ મળી આવ્યુ હતુ. પેથાપુર પોલીસે આ તમામ બાબતોનું નોટીંગ પણ કર્યુ છે. રાત્રે તે યુવાન અન્ય મિત્રો સાથે દારૂની પાર્ટી કરવા બેઠો હોવાની પણ શક્યતા છે. તે કોની સાથે બેઠો હતો તે વિગત મળી જાય તો રહસ્ય પરથી પડદો ઉઠી જાય તેમ છે. તે ઉપરાંત મૃતકના મોબાઈલની કોલ ડીટેલઈને આધારે પણ તપાસની દિશા નક્કી થઈ શકશે. મૃતકના પોસ્ટમોર્ટમમાં તે પીધેલો હોવાનું સ્પષ્ટ થયું હોવાનું જાણવા મળ્યું છે. જો કે મૃત્યુનું કારણ હજુ એફએસએલ રીપોર્ટ પર ડોક્ટરે પેન્ડીંગ રાખ્યું છે. તમામ રીપોર્ટ બાદ રીક્ષા ડ્રાઈવર યુવાનનું મૃત્યુ કેવી રીતે થયું તેની હત્યા થઈ કે તેણે આત્મહત્યા કરી તે રહસ્ય ખુલે તેવી શક્યતા છે.

## આજે સઈજ ખાતે દત્તબાવની ભવનનું ઈશ્વરાર્પણ

રંગ અવધૂત પરિવાર દ્વારા સિદ્ધનાથ મહાદેવ સઈજ તા. કલોલ મુકામે શ્રી દત્ત બાવની ભવન ઈશ્વરાર્પણ કાર્યક્રમ તથા પરમ પૂજ્ય, શ્રી રંગ અવધૂત મહારાજની મૂર્તિની અનાવરણ વિધિ કાર્યક્રમ ૨૮-૮-૧૬ રવિવારના રોજ દત્ત બાવની સ્વાહાકાર તથા હોમાત્મક મહારૂદ્રનો કાર્યક્રમ સવારના ૭.૩૦ કલાકે રાખેલ છે. શ્રી રંગ અવધૂત મહારાજની સઈજ મુકામે શોભાયાત્રા સવારના ૯ થી ૧૧ કલાકે દત્ત બાવની ચોકથી શરૂ કરી રામજી મંદિર સઈજ ગામથી પરત આવશે. મહારૂદ્ર તથા દત્ત બાવની સ્વાહાકારની પૂર્ણાહુતિ સાંજે ૫.૩૦ રાખેલ છે.



ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૭ ખાતે આજે કોંગ્રેસ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, ઝોન પ્રમુખ તેજાભાઈ દેસાઈ તથા કાઉન્સલીરો જયરાજસિંહ વાઘેલા, રાકેશભાઈ પટેલ, ઉર્મિલાબેન વર્મા, હિરલબેન, ઉર્પલકુમાર જોશી, માઈનોરીટી સેલના ચેરમેન હિંમતભાઈ મેકવાન, યુસુફભાઈ પઠાન, સેવાદળના મુકેશભાઈ મારૂ, એનએસયુઆઈના અંકિત બારોટ, મહામંત્રી મિતુલ જોશી, વિરેન્દ્રસિંહ ઝાલા, વિજયભાઈ સોલંકી, રાકેશ જાની, વોર્ડ પ્રમુખ અરૂણભાઈ પરીખ, સેક્ટરના પ્રમુખ તેમજ અન્ય હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે ગ્રીન ગાંધીનગરનું બિરૂદ પુનઃ પ્રાપ્ત થાય તે દિશામાં સૌએ કાર્યવાહી કરવાનો નિર્ણય કર્યો હતો.

## શહેરમાં ઉઘાડ નીકળ્યો

છેલ્લા કેટલાય દિવસોથી ઘેરાયેલું વરસાદી વાતાવરણ આજે ઉઘાડ નીકળતા વિખેરાયું હતુ. ઉઘાડ નીકળતા સૌને હાશકારો અનુભવાયો હતો.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાય દિવસોથી વરસાદી વાતાવરણ છવાયું હતું. સમગ્ર આકાશ વાદળોથી ઘેરાયેલુ રહ્યુ હતુ. વારેવારે વરસાદ પડતા શહેરમાં ઘણા સ્થળોએ પાણી ભરાયા હતા. ખાબોચિયા ભરાતા મચ્છર-માખી તથા જીવાતનો ઉપદ્રવ વધ્યો હતો. ઘણા દિવસો બાદ આજે આખરે ઉઘાડ નીકળતા સૌને રાહત થઈ હતી. ગૃહિણીઓએ દિવસો બાદ કપડા બહાર સુકવવા નાંખ્યા હતા. ખેડૂતો પણ ખુશખુશાલ થઈ ગયા હતા. સારા વરસાદ બાદ ઉઘાડ નીકળતા કૃષિપાકોને પણ ફાયદો પહોંચશે. જો કે ઉઘાડ નીકળતા ગરમી પણ ખુબ અનુભવાઈ હતી.

## નર્મદા નિગમના અધ્યક્ષ તરીકે એસ.એસ. રાઠોરની વધુ બે વર્ષ માટે નિમણુંક

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના ચેરમેન અને મેને. ડિરેક્ટર તરીકે રાજ્ય સરકારે પૂર્વ સચિવ એસ.એસ. રાઠોડની નિમણુંક વધુ બે વર્ષ માટે કરી છે.

રાઠોર રાજ્ય સરકારના માર્ગ-મકાન વિભાગના સચિવ તરીકે ફરજો બજાવી ચુક્યા છે. તેઓ હાલ નર્મદા નિગમ પર દરવાજાના ફિટીંગ તેમજ સરદારની પ્રતિમાના નિર્માણ કાર્યને અગ્રતા આપી તેમની કામગીરી સંભાળી રહ્યા છે. રાજ્ય સરકારે તેમની મુદતને વધુ બે વર્ષ માટે લંબાવવાનો નિર્ણય કરેલ છે.





## શંભુજી ઠાકોરનું ટીંટોડામાં ભવ્ય સ્વાગત

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર આજે તેમના વતન ટીંટોડા ખાતે જતાં ગ્રામજનોએ તેમને હોંશ-ઉલ્લાસ સાથે આવકાર્યા હતા અને અભિનંદન આપી ઓવારણા પણ ગ્રામજનોએ લીધા હતા. ઠાકોરને ટીંટોડાના પ્રસિદ્ધ રામજી મંદિરના મહંત લખીરામ બાપજીએ પણ વિશેષ આશીર્વાદ આપી અભિવાદન કર્યું હતું.

## સાઈ ખાતે રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૬

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણીનો કાર્યક્રમ આગામી તા. ૨૯મી ઓગષ્ટના રોજ સવારે ૧૧ વાગે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, સેક્ટર-૧૫ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે કરવામાં આવશે. મુખ્ય મહેમાન પદે ઈન્ડિયાન હોકી ટીમના પૂર્વ કેપ્ટન ધનરાજ પિલ્લાઈ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સૌ રમત ગમતપ્રેમીઓ અને ખેલાડીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લાના પસંદ કરાયેલા ૮ ગામોની સ્માર્ટ વિલેજ માટેની દરખાસ્ત સોમવારે રાજ્ય સરકારને મોકલી આપવામાં આવશે. આજે રજાના દિવસે પણ તંત્ર અને પંચાયતોના પદાધિકારીઓની સ્માર્ટ વિલેજની દરખાસ્તને લઈ બેઠક પણ થઈ હતી.

● ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓ અને કૂતરાઓની સમસ્યા વધુને વધુ ઘેરી બનતી જાય છે.

● ગાંધીનગર શહેરમાં વરસાદી માહોલ વચ્ચે પણ ભારે ઉકળાટ અને બફારાને લઈ નગરજનો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આગામી દિવસોમાં બદલીનો ગંજીફો ચીપાશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

● રાજ્યના નવા કૃષિ મંત્રી ચીમનભાઈ સાપરિયા પેથાપુર નજીક સજીવ ખેતીના ઉદ્ઘાટન કાર્યક્રમમાં બોલવા ઉભા થયા ત્યારે ગાંધીનગરના મેયરનું નામ જ બદલી નાખતાં ખેડૂતોમાં હળવો ગણગણાટ થયો હતો.

● ગાંધીનગર જિલ્લામાં ગત વર્ષની તુલનામાં અત્યાર સુધી વરસાદ પણ ઓછો છે અને વાવેતર પણ ઓછુ છે.

● ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની બસસેવા નિયમિત નહિ હોવાની ફરિયાદો ઉઠી છે.

● કેન્દ્રના માહિતી પ્રસારણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી રાજ્યવર્ધન રાઠોર એક દિવસીય સીનેમેટિક ટુરિઝમના સેમિનારમાં ભાગ લેવા ગાંધીનગર આવી રહ્યા છે.


Incredible !ndia

स्वच्छ भारत मिशन

Vibrant GUJARAT 2017 10-13 Jan

A Seminar on

CINEMATIC TOURISM

THE WAY FORWARD



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન, ભારત

રૂપેરી પડદે, સોનેરી તકો !

ગુજરાતમાં યોજાઈ રહ્યો છે સેમિનારઃ સિનેમેટિક ટુરિઝમ - ધ વે ફૉરવર્ડ. લાંબા સમયથી રાહ જોવાતી હતી તેવા આ વાઈબ્રન્ટ ગુજરાત પ્રિ-ઈવેન્ટ સેમિનાર દ્વારા ગુજરાતમાં ફિલ્માંકન માટે ઉપલબ્ધ વૈવિધ્યપૂર્ણ સુંદર તથા પ્રશંસનીય સ્થળો સાથે નવી વિરાટ સર્વાંગીણ તકો વિષેની જાણકારી પ્રસ્તુત કરાશે.

ફર્સ્ટ ટેક
- વર્ષ ૨૦૧૫માં ભારતીય ચલચિત્ર ઉદ્યોગઃ ₹ ૧૩૮.૨ બિલિયન
- વર્ષ ૨૦૨૦ સુધીમાં સૂચિત વૃદ્ધિદર ૧૦.૫% (₹ ૨૨૭.૩ બિલિયન)
- વર્તમાનકાળે ચલચિત્ર ક્ષેત્રે ૧૮.૮ લાખ રોજગારીનું અદ્‌ભુત સર્જન
- ગુજરાતી ચલચિત્રોએ ૨૦૧૫માં ₹ ૫૫૦ મિલિયનનું બૉક્સ ઑફિસ કલેક્શન, જે ૨૦૧૪માં માત્ર ₹ ૭૦ મિલિયન હતું

(અંદાજિત આંકડાઓ)

ઉદ્‌ઘાટક
શ્રી ઓમ પ્રકાશ કોહલી
માનનીય રાજ્યપાલશ્રી, ગુજરાત

મુખ્ય અતિથિ
કર્નલ રાજ્યવર્ધન સિંહ રાઠોર
માનનીય રાજ્યમંત્રી, માહિતી અને પ્રસારણ, ભારત સરકાર

અતિથી વિશેષ
શ્રી ગણપતસિંહ વસાવા
માનનીય મંત્રી, પ્રવાસન, ગુજરાત


સન્માનનીય ઉપસ્થિતિ
શ્રી પરેશ રાવલ, માનનીય સાંસદ | શ્રી કમલેશભાઈ પટેલ, માનનીય અધ્યક્ષ, ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ | શ્રી વિનોદ ઝુત્શી, IAS, સેક્રેટરી, પ્રવાસન, ભારત સરકાર

પ્રતિષ્ઠિત સિનેપ્રતિભાઓ, નિર્દેશકો અને નિર્માતાઓ



"ફિલ્મકારો માટે ગુજરાત એક સ્વપ્ન-સ્વરૂપ છે. લોકેશન-વૈવિધ્ય, તૈયાર માળખું, સરળ સંમતિ અને વાજબી ખર્ચે ફિલ્મ બનાવવા જેવી સુવિધાઓ, ગુજરાતમાં ફિલ્મ નિર્માણને એક પુરસ્કૃત અનુભવ બનાવે છે."
શ્રી વિજયભાઈ રૂપાણી
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

"ગુજરાતમાં ફિલ્મ નિર્માણ ઉદ્યોગ ઉગતા સૂર્ય સમાન ઝડપથી વધી રહ્યો છે. ગુજરાતના ભરપૂર કુદરતી અને ચકિત કરનાર સૌંદર્યના પૂરક રૂપે અમોએ ફિલ્મ નિર્માણને અનૂરૂપ એવી આકર્ષક અને ગુણવત્તાસભર પ્રોત્સાહન પોલિસી અમલમાં મુકી છે."
શ્રી નિતિનભાઈ પટેલ
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



૨૯ ઓગસ્ટ, ૨૦૧૬
મહાત્મા મંદિર, ગાંધીનગર. સવારના ૯-૦૦ કલાકે

પ્રવેશ માત્ર આમંત્રિતો માટે

આપનો આમંત્રણ પત્ર ગુજરાત પ્રવાસન કાર્યાલય
એચ.કે.હાઉસ, ઑફ આશ્રમ રોડ, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી.
ટોલ ફ્રીઃ ૧૮૦૦ ૨૦૦ ૫૦૮૦ | www.gujarattourism.com

સાતત્યપૂર્ણ વિકાસ સહ વૃદ્ધિ માટે પ્રવાસન

નિવેશક મિત્ર પ્રવાસન નીતિથી અત્યાર સુધીમાં રૂા. ૫૦૦૦/- કરોડથી વધુના મૂલ્યની ૧૨૫ થી વધુ દરખાસ્તો આકર્ષાઈ છે.